

ડૉ. મનુ જપી


સ્વાસ્થ્ય અને બીમારીઓના સાહિત્યમાં એક ખૂબ જ પૉઝિટિવ અભિગમ ધરાવતી ડૉ. મનુ જપી લિખિત, ‘‘ભાગ્યવંતી ધરા શ્રેણી’’ની ટચૂકડી પુસ્તિકાઓ પ્રકાશિત કરવાનું અમે નક્કી કર્યું ત્યારે આ પુસ્તિકાઓને આટલો ભવ્ય પ્રતિસાદ મળશે એવું ધાર્યું ન હતું.

વાચકોના આ આવકારને અનુલક્ષીને આ જ શ્રેણીમાં અમે અન્ય બીમારીઓને આવરી લેતી વધુ પુસ્તિકાઓનો સમાવેશ કરીએ છીએ.

---

દાંતમાં પુરાવેલી ‘‘ચાંદી’’માં જે ચળકે છે, તે પારો-મરક્યુરી છે અને પારો દુનિયાનું બીજા નંબરનું હળાહળ ઝેર છે.

# દાંતમાં ચાંદી ?




ડૉ. મનુ જપી

## મારે કંઈક કહેવું છે

દાંતમાં "ચાંદી" પુરાવી હોય, તે પછીના બે-ચાર દિવસમાં જ શ્વાસ લેવામાં તકલીફ પડી હોય, સ્નાયુઓ અને સાંધાનો દુઃખાવો થયો હોય કે ચક્કર આવ્યા હોય અને એવી ફરિયાદો લઈને ડૉક્ટર પાસે એનો ઈલાજ કરાવવા ગયા હોય. એ દરેક ફરિયાદ માટે બે-ચાર ફોટા કઢાવ્યા હોય, પાંચદસ રિપોર્ટો કઢાવ્યા હોય ને દસ-પંદર દવાઓ ખાધી હોય – પછી એવા દરેક પેશન્ટને અસ્થમા, રુમેટિઝ્મ કે બ્લડપ્રેશરનો "આજીવન" દરદી બનાવી પંદર-વીસ વર્ષો સુધી દવાઓ ખવડાવી હોય, પરંતુ એ દરમિયાન કોઈ પણ સારવાર કરવાવાળાએ "દાંતમાં ચાંદી પુરાવી છે ?" એમ સમ ખાવા પૂરતુંય પૂછ્યું ન હોય એવા...

એવા મારી પાસે છેલ્લાં પચીસ વર્ષોથી રીબાઉન્ડ કેસીસ તરીકે આવતા પેશન્ટોની સંખ્યા "નઝરઅંદાઝ" કરી શકાય એટલા ઓછા પ્રમાણમાં તો નથી જ.

એ પછી અન્ય બીમારીઓની અસલિયત જાણવાના મેં મારી રીતે જે પ્રયત્નો કર્યા એમાં એમાલ્ગમ વિષેનું ખૂબ જ ઉચ્ચ કક્ષાનું, ભરોસાપાત્ર પરંતુ વાંચતાં જ અરેરાટી ઉપજાવે એવું મેડિકલ સાહિત્ય સહજ રીતે મળતું ગયું.

આ પુસ્તકમાં જે શબ્દો છે એ તો મારી પાસે એમાલ્ગમનું જે મેડિકલ સાહિત્ય છે, એનો એક અંશ પણ નથી. એટલે આ પુસ્તકની રજૂઆતમાં અતિશયોક્તિ કે અવળી માહિતી આપવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી તેમજ ફાલતુ-અર્થહીન વિરોધાભાસી ચર્ચાને કોઈ અવકાશ નથી.

***Take it or Leave it.***

માનવું હોય તો માનો નહીં તો તમને ભગવાન પણ નહીં બચાવે.

તમારા દાંતમાં પુરાવેલો પારો તમને સદી ગયો હોય અને કોઈ પ્રકારનું નુકસાન ન થયું હોય તો તમારો પારો અને તમારી તંદુરસ્તી તમને મુબારક હો !

આટલું વાંચ્યા પછી પણ ઝેરનાં પારખાં કરવાની ચળ ના રોકી શકતા હો તો ?

**દાંત તમારા છે ભાઈ**

**"CHOICE IS YOURS."**

☆

## ૧. એમાલ્ગમ – Amalgam

તમે દાંતમાં જે "ચાંદી" પુરાવો છો એને અંગ્રેજી મેડિકલ ભાષામાં એમાલ્ગમ – Amalgam કહેવામાં આવે છે. જેમાં પારો-મરક્યુરી (Mercury)નું પ્રમાણ અડધાથી ઉપર એટલે કે બાવન ટકા (પ૨%) હોય છે. બાકીના ૪૮ ટકામાં તાંબુ (Copper), ટીન (Tin), જસત-ઝીંક (Zinc) અને સાવ જૂજ પ્રમાણમાં ચાંદી મેળવેલી હોય છે.

Amalgam એ ગ્રીક શબ્દ Malagma પરથી ઊતરેલો છે. જેનો અર્થ Alloy of mercury અથવા Mixed with mercury એટલે કે "પારામાં ભેળવેલા પદાર્થ" એવો થાય છે.

"ચાંદી" એટલે કે પારાનું મિશ્રણ દાંતમાં પૂરવાની શરૂઆત થઈ તે પહેલાં સડેલા દાંતોમાં "સોનું" પૂરવામાં આવતું હતું, જે ફક્ત રાજા-મહારાજાઓ અને ખૂબ ધનવાન વર્ગને જ પરવડતું હતું. ગરીબગુરબાં કે મધ્યમ વર્ગના માનવીઓના સડેલા દાંતોમાં સીસું એટલે કે Leadનું મિશ્રણ પૂરવામાં આવતું હતું. સીસું માનવશરીરમાં જાય તો તે ખૂબ નુકસાન કરતું હતું – છતાં એનો અન્ય કોઈ સસ્તો – બધાને પરવડે એવો વિકલ્પ જડતો ન હતો.

☆

## ૨. ચળકતા ઇતિહાસનું પ્રથમ કાળું પાનું

ઈ.સ. ૧૮૨૦માં એટલે કે બસો વર્ષો પૂર્વે અમેરિકામાં સોના અને સીસાના બદલે "પારો" પૂરવાની શરૂઆત થઈ.

એ પછીની એક આખી સદી વીતી ગઈ ત્યાં સુધી મોઢામાં ઠાંસી ઠાંસીને ભરેલા આ ઝેરની માનવશરીર પર કેટલી આડઅસરો થઈ ? એને લીધે કેટલી બીમારીઓ કે રોગો પેદા થયાં ? એમાં ટૂંકા કે લાંબા ગાળાનાં કેવાં અને કેટલાં નુકસાનો થયાં ? પુરુષોના દાંતમાં પુરાવેલી ચાંદીએ કેટલા પુરુષોને નપૂંસક કે નામર્દ બનાવ્યા ? કેટલી સ્ત્રીઓએ માનસિક કે શારીરિક ક્ષતિઓવાળા કેટલાં બાળકો પેદા કર્યાં ? આવા જીવન-મરણના અસંખ્ય સવાલો ન તો કોઈએ પૂછ્યા કે ન કોઈએ એના જવાબો આપવાની જરૂરત મહેસૂસ કરી. એ દરમિયાન લાખો-કરોડો, અબજો માનવીઓના દાંતોમાં પારો પુરાતો ગયો અને અસંખ્ય જિંદગીઓ બરબાદ થતી રહી.

The National Association of Dental Surgeonsના થોડાક જાગૃત સદસ્યોએ જ્યારે "દાંતમાં ચાંદી પૂરવાથી ઘણાં નુકસાનો થાય છે એટલે એ પ્રથા સદંતર નાબૂદ કરવી જોઈએ." એવી ઉગ્ર ચર્ચાની શરૂઆત કરી ત્યારે "પારા"ના પાળેલા પોપટોએ અને એમાંથી ધૂમ કમાણી કરતા આડતિયાઓએ એનો વિરોધ કરવા વાહિયાત દલીલોના મારા ચલાવ્યા.

એમની સડેલી દલીલોના થોડાક નમૂના :

૧. પારો સોના કરતાં સસ્તો છે.

૨. સોનું ફક્ત રાજા-મહારાજાઓ જ નખાવી શકે છે એટલે ગરીબ અને મધ્યમ વર્ગના માનવીઓને મેડિકલ સાયન્સનો "લાભ" આપી શકાતો નથી. તેઓ અમારી "સેવા"થી વંચિત રહી જાય છે.

હંમેશાં બનતું આવ્યું છે તેમ, ઈમાનદાર અને બેઈમાનદારીના બે પક્ષો પડી ગયા. પાડાઓ લડતા રહ્યા, ઝાડ ઊખડતાં રહ્યાં. દાંતો સડતા રહ્યા, પારા પુરાતા રહ્યા. હકીકતમાં તો 'ચાંદી' પુરાવાની બંધ કરવા માટે ઉપાડેલી આ ઝુંબેશે ચાંદીને અસાધારણ પબ્લીસિટી આપી દીધી અને જે સોનું નહોતા પુરાવી શકતા એ આમજનતાના અબુધ માનવીઓએ "અમે દાંતમાં ચાંદી પુરાવી છે." એમ કહી કોલર ટાઈટ કરવા લાગ્યા.

પરિણામે ૧૮૪૦માં એટલે કે પારાની પારાયણની શરૂઆત પછીનાં વીસ વર્ષોમાં જ ધી નેશનલ એસોસિયેશન ઑફ ડેન્ટલ સર્જન્સનાં "પશુઓમાં પડી એક તકરાર" અને એ તકરારના પરિણામે આ આખી સંસ્થાનું અવિધિસરનું ઊઠમણું-વિસર્જન થયું.

"ભાવતું'તું ને વૈદે કહ્યું" જેવો ઘાટ થયો. હવે તો કોઈ વિરોધ કરવાવાળું જ ન રહ્યું એટલે પારો પૂરી રોકડા કરી લેનારાઓને એક મોકળું મેદાન મળી ગયું.



**Ref. No. 1. Dr. Hal Huggins**
*"IT'S ALL IN YOUR HEAD."*
The link between Amalgam and Illness.
(Garden City Park Ny Avery Publishing Group. 1993 (59-61)

★

# ૩. ચળકતા ઇતિહાસનું દ્વિતીય કાળું પાનું

૧૮૪૦માં ધી નેશનલ એસોસિયેશન ઑફ ડેન્ટલ સર્જનનું ઊઠમણું થયા પછી સાઈઠ વર્ષ પછી, એક નવા સગવડિયા સારવારિયાઓની સંસ્થાના શ્રીગણેશ મંડાયા, જેનું રૂપાળું નામ અમેરિકન ડેન્ટલ એસોસિયેશન (A.D.A.) એવું રાખવામાં આવ્યું.

અહીંથી આગળ વધીએ તે પહેલાં એક વાત દાંત કચકચાવીને સમજી લઈએ કે, ૧૮૪૦ પછીનાં સાઈઠ વર્ષોમાં અમેરિકા જેવા દેશમાં પણ "દાંતમાં પારો પુરાવવાથી માનવીની જિંદગી બીમારીઓના કાદવમાં રોળાઈ જાય છે." એ ગંભીર વિષયની નોંધ લેવા જેવું પણ કોઈ સંસ્થાનું અસ્તિત્વ જ ન હતું.

એટલે કે "વર મરો – કન્યા મરો" દરદી મરો કે દરદીનાં

સગાં મરો, પણ અમારું તરભાણું ભરો એવું પોપાબાઈનું રાજ ચાલતું હતું. પરિણામે એમાલ્ગમમાં બાવન ટકા પૂરવામાં આવતા પારાના બાસઠ ટકા કે બોતેર ટકા થયા હોય તોયે કોઈનું સીધું કે આડકતરું નિયંત્રણ જ ન રહ્યું. ચાંદી વધુ ચળકે તો વધુ દામ પણ મળે જ ને ?

ઝાહીર હૈ, બાવન ટકા પારો પણ જો નુકસાન કરતો હોય તો બાસઠ કે બોતેર ટકા કેટલો કરતો હશે ?

***DENTAL CARE ? WHO CARES ?***

આ નવીનક્કોર અમેરિકન ડેન્ટલ એસોસિયેશન (A.D.A.) સંસ્થાના સન્માનનીય સદસ્યોએ સર્વાનુમતે સ્વીકાર્યું અને સાદર ઢોલ-નગારાં, પિપૂડાં અને પડઘમના અવાજ સાથે ઘોષિત કર્યું કે :

"અમે દંત-વિજ્ઞાન-ચિકિત્સાના નિષ્ણાતો છીએ અને અમે ખાતરીપૂર્વક કહીએ છીએ કે 'Mercury Amalgam is safe' – દાંતમાં પારો પૂરવો સલામત છે, એનાથી કોઈ નુકસાન થતું નથી."

તમને પેલી દલા તરવાડી વાળી વાત યાદ છે ?

"વાડી રે વાડી ?"

"બોલ દલા તરવાડી."

"રીંગણાં લઉં બે-ચાર ?"

"બે-ચાર શું કામ – ભઈલા લે ને દસબાર."

☆



# ૪. બોલતા ભી દિવાના

સ્થાપિત હિતો ભેગાં મળે – પોતાના લાભની ગણતરી સાથે એક તમાશા જેવી ચર્ચા કરી સર્વાનુમતે એક જાહેરાત કરે ત્યારે એક વાત સગવડતાપૂર્વક સાબિત થાય – અને એ વાત એટલે સારવારિયાઓને બિનધાસ્ત ખોટાં કામો કરી કમાણી કરવાનું એક વણલખ્યું લાયસંસ મળી જાય.

બરાબર આ જ નિયમના આધારે ઓગણીસમી સદીના અંતમાં ઢોલ-નગારાં અને પડઘમ-પીપૂડાં સાથે જાહેર કરેલ આ વિધાનને આખી વીસમી સદી દરમિયાન અને આજે એકવીસમી સદીમાં પણ સારવારિયાઓએ સગવડતાપૂર્વક સ્વીકારી લીધી છે.

***"ચાંદીના નામે પારો પૂરો અને આખી જિંદગી રિબાઈ રિબાઈને મરો." એ નિયમનું ચુસ્ત પાલન થાય છે. હજારો, લાખો, કરોડો, અબજો નિર્દોષ-નિસહાય સાજા-સારા તંદુરસ્ત માનવીઓની જિંદગીઓ પારાના પરાક્રમોથી નીપજતી વિવિધ બીમારીઓના કારણે બરબાદ થતી જાય છે. એ બીમારીઓનાં જુદાં જુદાં કારણો આપી જુદી જુદી સારવારો થાય છે... વગેરે વગેરે વગેરે.***

* * *

અમાસની ઘનઘોર કાળી ડિબાંગ ભયાનક અંધારી રાત્રે, મૂશળધાર વરસતા વરસાદમાં વીજળીનો એક જબરજસ્ત કડાકો થાય છે. કાળું ડિબાંગ આભલું ઊભું ને આડું ચિરાઈ જાય છે અને એક તેજલિસોટો આખી ધરાને પ્રકાશથી ઉજાળી દે છે એમ...

ભ્રષ્ટાચારથી ખદબદતા સારવારના ક્ષેત્રમાં એકાદો સંવેદનશીલ જીવ પેદા થાય છે. અથાગ મહેનત, પરિશ્રમ અને વ્યવસાયિક વફાદારીના સોગંદ લઈ સાચી વાત કહી છૂટી જાય છે.

દુર્ભાગ્યે આવી વાતો જેને ખરેખર જાણવી જરૂરી છે એવા દરદીઓ સુધી પહોંચતી નથી. મેડિકલ જર્નલોમાં એકાદ ખૂણેખાંચરે કીડીની ટાંગ જેવા અક્ષરોમાં છાપવા ખાતર છપાય છે. સારવારિયાઓ વાંચે છે, મૂછમાં હસીને સગવડતાપૂર્વક ભૂલી જાય છે. દરદી આવાં જર્નલો વાંચતો નથી. વાંચે છે તો એની મેડિકલ ભાષા એને સમજાતી નથી એટલે વળી પાછું "વહી રફતાર બેઢંગી" બેરોકટોક ચાલ્યા કરે છે.

આવો, આવા એક પોતાના વ્યવસાયને વફાદાર, ઈમાનદાર, સંવેદનશીલ અને ઉચ્ચ પદવીધારી નિષ્ણાતના અભિપ્રાયને આપણી ભાષામાં જાણી લઈએ. હકીકતમાં આ જ હકીકત આમઆદમીના ઉપયોગની છે અને જે સમજે છે એ આજીવન આ વિષચક્રમાંથી પોતાની જાતને ઉગારી શકે છે.

☆



# ૫. ડૉ. મુરે જે. વાઈમી

## *DR. MURRAY J. VIMY*

***Clinical Associate Professor of the Department of Medicine at the University of CALGARY in CANADA.***

ડૉ. મુરે જે. વાઈમી, જેમણે દાંતમાં પૂરવામાં આવતા એમાલ્ગમની પ્રાણીઓ પર કેવી આડઅસરો પડે છે એનો પંદર વર્ષો સુધી ઊંડો અભ્યાસ કર્યો.

તેમનું કહેવું છે :

૧. દવાઓ વાપરવી કેટલી સલામત ? એ બાબતનું નિયંત્રણ કરનારી સરકારી સંસ્થાઓએ આજ સુધી એમાલ્ગમ પર શા માટે પ્રતિબંધ નથી મૂક્યો ? એટલા માટે કે છેલ્લાં બસો વર્ષોથી બેરોકટોક-બિનધાસ્ત, સારાસારના વિવેક વિના એ પ્રથા અમલમાં મુકાઈ રહી છે અને જેમને એમાલ્ગમના નુકસાનોની જાણ છે, એ કોઈને જણાવતા નથી અને દરદી કદાપિ પોતાની બીમારી દાંતમાં પુરાવેલી "ચાંદી"થી થાય છે એવી ભૂલમાં કલ્પના પણ કરતો નથી. પરિણામે બધું સરળતાથી ચાલ્યા કરે છે.

૨. અમેરિકાની ખૂબ જ કડક નિયમો ધરાવતી ફૂડ એન્ડ ડ્રગ્સ એડમીનીસ્ટ્રેશન (FDA) સંસ્થા પણ આ વિષયમાં કેમ

કંઈ કરતી નથી ? એના જવાબમાં ડૉ. મુરે કહે છે : બસો વર્ષો પૂર્વે કોઈ પણ દવા માનવી પર અજમાવવા પહેલાં પ્રાણીઓ પર એના અખતરા કરવાની પ્રથા એટલી બધી રૂઢિચુસ્ત ન હતી, એટલે એમાલ્ગમનાં પ્રાણીઓ પર કોઈ પ્રયોગોના તારણ અસ્તિત્વમાં નથી. એટલે "પારો પ્રાણીઓને નુકસાન કરે છે" એવી માહિતી ન હોવાને કારણે એ માનવીઓ પર અજમાવવામાં કોઈ અવરોધ નડતો નથી.

૩. ડૉ. મુરેનું કહેવું છે કે એમણે છેલ્લાં પંદર વર્ષોમાં એમાલ્ગમનાં પ્રાણીઓ પર કરેલા પ્રયોગો પરથી જે ખતરનાક પરિણામો આવ્યાં છે એવો રિપોર્ટ જો ૧૯મી સદીમાં કોઈએ આપ્યો હોત તો કદાચ FDA સંસ્થાએ એમાલ્ગમના વપરાશ પર પ્રતિબંધ મૂક્યો હોત.

૪. અંતમાં હૃદયના ઊંડાણની વ્યથા રજૂ કરતાં ડૉ. મુરે કહે છે કે, એમાલ્ગમની પ્રાણીઓ પર થતી આડઅસરો જો આટલી ભયંકર અને ભયાનક હોય તો માનવી પર એમાલ્ગમની કેટલી ખતરનાક આડઅસરો થતી હશે ? એની કલ્પના કરતાંય કંપારી છૂટે છે.

**Ref. 2 : DR. MURRAY J. VIMY**

Symposium "Mercury for Dental Amalgam"

April 4, 1992.

☆



## ૬. નરોવા કુંજરો વા

**The Journal of American Medical Association (Jama) 1991 : 265; 2934.**

મેડિકલ વિશ્વના પ્રતિષ્ઠિત JAMA મેડિકલ જર્નલમાં જણાવે છે :

***QUOTE :***

***"The FDA position continues to be that, there is No Valid Data to demonstrate Clinical Harm to Patients, Nor that Removing a Patient's Amalgam Fillings will Prevent any Adverse Health Effects or Reverse the Course of Existing Diseases.***

અર્થાત્

અમેરિકાની ઔષધિય નિયંત્રણ કરતી સરકારી સંસ્થા હજુ પણ એ વાતને વળગી રહી છે કે :

"દાંતમાં એમાલ્ગમ (પારો) પૂરવાથી દરદીને શારીરિક સ્વાસ્થ્યમાં કોઈ નુકસાન થયું હોવાના પુરાવા પ્રાપ્ત થયા નથી. એટલું જ નહીં, દરદીને ચાંદી પુરાવ્યા પછી કોઈ બીમારી થઈ હોય અને એણે દાંતમાંનો પારો કઢાવ્યો હોય અને એ બીમારી સારી થઈ હોય એવું પણ કોઈ પુરાવાથી સિદ્ધ થયું નથી."

અહીં ફક્ત એક જ વાક્ય આગળ વધતાં પહેલાં લખી લઈએ જેથી ઉપરના વિધાનનો મૂળમાંથી છેદ ઊડી જાય.

*QUOTE :*

***"Thalidomide, which was tested and cleared for use by Government Safety standards, was considered one of the least toxic sedatives ever developed, Until Thousands of Deformed Babies – Many of them without Arms and Legs-Were Born to Women, Who had taken Thalidomide Drug During Pregnancy."***

**Ref. 3 : Health & Disease by life Science Library Page 105.**

મર્યાદિત જગ્યામાં ઘણું લખવું છે એટલે અને આ લખાણનું ગુજરાતી ભાષાંતર કરવાથી કદાચ એની ભયાનકતા ઓછી થઈ જાય, એ હેતુથી અનુવાદ કરતો નથી. તમને ન સમજાય તો કોઈની પાસે એનો અર્થ જાણી લેશો.

વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશન WHO કે FDA જેવી મહાકાય માતબર સંસ્થાઓ પણ આમજનતાનું ભલું જ કરે છે એવા ભ્રમમાં રહેવાના દિવસો ક્યારનાય પૂરા થઈ ગયા છે અને એમના 'નરોવા કુંજરો વા' જેવાં વિધાનોની સચ્ચાઈ પડદો ચીરીને બહાર આવે છે.

*　　*　　*

JAMA જેટલું જ જગપ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ The Lancet એના ૧૯૯૨ : ૩૩૯; ૪૧૯ના અંકમાં કંઈક જુદું જ લખે છે. આવો એ પણ જોઈ લઈએ :



*QUOTE :*

***"In Germany The Federal Health Agency BUNDESGESUNDHEISAMT (BGA) decided in 1992 that Amalgam Containing Gamma-2 a compound of Tin and mercury should be banned, because of its inherent instability and the risk of mercury being released while a tooth is being filled...***

***...They also say that Amalgam shouldn't be used for pregnant women, patients with kindney failures or toddlers."***

આવાં લખાણો મેડિકલ જર્નલોમાં ખૂણેખાંચરે બારીક અક્ષરોમાં લખવા ખાતર લખાય છે – ઘેટાંનાં ટોળાંમાં થોડો ખળભળાટ થાય છે અને પાછી "વહી રફ્તાર બેઢંગી" ચાલ્યા કરે છે. ગર્ભવતી સ્ત્રીઓને દાંતમાં ચાંદી પુરાય છે. એ ચાંદી નવજાત શિશુની કીડનીનું સત્યાનાશ કરે છે અને પછી સડેલી કીડની સાથે જન્મેલું બાળક તો "જન્મજાત ક્ષતિ (Genetic Defect) લઈને જન્મ્યું છે એમ કહી હાથ ઊંચા કરી એક ભયાનક ગુનામાંથી ચાલાકીથી છૂટી જવાય છે.

☆

## ૭. આશાનું કિરણ - અહીં પણ ઇમાનદારો છે

ઈમાનદાર નં. ૧

The German Federal Registry of Dentists – દાંતના ડૉક્ટરોની એક સંસ્થાએ ત્યાંની સરકારના સ્વાસ્થ્ય વિભાગના મંત્રીશ્રીને એક વિનંતી કરતો પત્ર લખ્યો છે. જેમાં લખ્યું છે :

*"Please Rule* (એક કાયદો પસાર કરો) *that no Dentist in Germany be Allowed to use Dental Amalgam.*

**Ref. No. 4 : Bio-Probe, News Letter 1994 : 10 (3) : 3**

ઈમાનદાર નં. ૨

સ્વીડનની સરકારે દુનિયામાં સર્વ પ્રથમ નક્કર પગલું ભરીને ૧૯૯૭ સુધીમાં એમાલ્ગમ ભરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે.

ઈમાનદાર નં. ૩

ઑસ્ટ્રિયા ઈ.સ. ૨૦૦૦ સુધીમાં એમાલ્ગમ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી ચૂક્યું હશે.



ઈમાનદાર નં. ૪

નછૂટકે બનેલા ઈમાનદારોમાં એમાલ્ગમનું ઉત્પાદન કરતી મોટામાં મોટી કંપનીનું નામ મોખરે છે. કંપનીનું નામ છે "ડેગુસ્સા" **Degussa.** ડેગુસ્સાએ એમાલ્ગમ બનાવવાનું સદંતર બંધ કરી દીધું છે. કહેવાય છે કે એમના બધા ઉત્પાદનોમાંથી થતી કમાણીનો અડધોઅડધ હિસ્સો એમાલ્ગમના ઉત્પાદન અને વેચાણમાંથી થતો હતો છતાં પણ. આમ કેમ ?

ડેગુસ્સા કંપનીના એક સિનિયર મેનેજર Dr. Matthias Kuhner ડૉ. માથીયાસ કુહનરે બ્રિટિશ ટેલિવિઝન પર આપેલી એક મુલાકાતમાં પ્રામાણિકપણે કબૂલ કર્યું કે :

**"એમાલ્ગમ વાપરનારાઓએ એમને થયેલાં શારીરિક અને માનસિક નુકસાનોની ભરપાઈ કરવા માટે એમની કંપની પર એટલા બધા 'દાવા' માંડ્યા હતા કે, એ દાવાઓની રકમ ચૂકવવા કરતાં એમાલ્ગમનું ઉત્પાદન બંધ કરવાનું અમને વધારે પરવડતું હતું."**

એમાલ્ગમનું ઉત્પાદન બંધ કરવાથી થતું નુકસાન ભરપાઈ કરવા માટે એમની કંપનીએ એમાલ્ગમની બદલીમાં વાપરી શકાય તેવું પ્લાસ્ટિક જેવા પદાર્થમાંથી બનાવેલું એક મિશ્રણ તૈયાર કર્યું છે. એનું નામ એમણે Composite Fillings આપ્યું છે.

મુંબઈ જેવા શહેરોમાં અમુક ડેન્ટીસ્ટો હાલમાં કોમ્પોસીટ ફીલીંગ્સનો દાંતનો સડો પૂરવામાં ઉપયોગ કરી રહ્યા છે.

(Composite Fillings પુરાવવાથી કોઈ આડઅસરો થાય છે કે નહીં ? એ વિષેની જાણકારી ઉપલબ્ધ હોવાનું જાણમાં નથી.)

**Ref. No. 5 : 'Panorama' Poision in the Mouth Transmitted July 11, 1994.**

છેવટનો મોટા માથાનો

ઈમાનદાર નં. ૫ **WHO ?**

આખી દુનિયાના માનવીઓનાં સ્વાસ્થ્ય અને સારવારોનો ઈજારો પોતાને હસ્તક લઈને બેઠેલી વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશન નામની મહાકાય સંસ્થાએ મરક્યુરી પોઈઝનિંગ – પારાનું ઝેર વિષયના આખી દુનિયાના મોટામાં મોટા ગજાના નિષ્ણાતોને ભેગા કર્યા અને એમણે પૂરી પાડેલ મેડિકલ ખાતરીપૂર્વકની (Authentic) માહિતીનો ઊંડો અભ્યાસ (?) કર્યો અને એક તારણ (?) કાઢ્યું કે :

*QUOTE :*

***"The public's highest daily exposure to mercury (poisoning) comes from Dental Amalgam***



***Fillings. We (WHO સંસ્થા) have determined that Human Daily Retained Intake is from 3 to 17 Micrograms per day from Dental Fillings."***

**Ref. No. 6 : Environmental Health Criteria 118 Inorganic Mercury – WHO Geneva 1991.**

અર્થાત્

જનરલ પબ્લીકનું વધુમાં વધુ મરક્યુરી પોઈઝનિંગ – પારાનું ઝેર, દાંતમાં પુરાવેલ ચાંદીને કારણે જ થાય છે જે અંદાજે રોજના ૩ થી ૧૭ માઈક્રોગ્રામના હિસાબે એના શરીરમાં ભળે છે અને લાંબો સમય રહે (retained) છે.

આ તો થઈ રીતસરની માપી શકાય તેવી માત્રાની વાતો, પરંતુ દાંતમાં પૂરેલી મરક્યુરી તો શ્વાસ વાટે, વરાળ વાટે (Mercury Vapor) પણ જાય છે. આવી રીતે શ્વાસ વાટે શરીરમાં પ્રસરેલી મરક્યુરીનું પ્રમાણ માપી શકાતું નથી. એટલે મેડિકલ માંધાતાઓ એને Specific Non-Observed Effect Level (NOEL) જેવું રૂપાળું નામ આપી છૂટી જાય છે.

WHOની સંસ્થાએ બોલાવેલી પેલી પોઈઝન નિષ્ણાતોની કમિટિ આ વિષયમાં પોતાનું મંતવ્ય રજૂ કરતાં કહે છે :

*QUOTE :*

***"The committee also concludes that***

*regarding mercury vapor a Specific No-Observed Effect Level (NOEL) can not be established, which means that No Level of Exposure to Mercury Vapor, However Slight has Been found to be Completely Harmless.*

*Dr. Lars Freiberg, Chief Adviser to the WHO on mercury safety and perhaps. The World's Leading Authority on Mercury Poisoning has said :*

**"THERE IS NO SAFE LEVEL OF MERCURY."**

વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશનના "મરક્યુરી સેફ્ટી" વિષયના મુખ્ય સલાહકાર ડૉ. લાર્સ ફ્રેઈબર્ગ કે જેઓ આખી દુનિયાના સૌથી ઉચ્ચ કક્ષાના મરક્યુરી પોઈઝનિંગના નિષ્ણાત અધિકારી માનવામાં આવે છે. તેઓ પારાની પારાયણનું સમાપન કરતાં કહે છે :

પારો એ ઝેર છે

ઝેરનાં પારખાં ના કરાય.

**Ref. 7 : Panorama Op. Cit.**

☆



## ૮. ટાઈમ બૉમ્બ મૂક્યો છે તમારા મોઢામાં

યુનિવર્સિટી ઑફ ટેનીસીના ખૂબ જ પ્રખ્યાત અને દુનિયાભરમાં ઉચ્ચ કક્ષાના ગણવામાં આવતા ભરોસાપાત્ર ટૉક્સીસિટી સેન્ટરના નિષ્ણાતો કહે છે :

**આ દુનિયામાં સૌથી વધુ વિષારી પદાર્થ પ્લુટોનિયમ (Plutonium) ગણાય છે જેને ૧૯૦૦ ગુણાંકમાં માપવામાં આવે છે.**

આ જ ફૂટપટ્ટીથી મરક્યુરી-પારાના ઝેરની માત્રા માપવામાં આવે તો એને ૧૬૦૦ ગુણાંક મળે છે.

અર્થાત્

***"This rating places mercury among the most toxic substances known to man."***

દુનિયાભરના વધુમાં વધુ ઝેરી પદાર્થોની હરોળમાં મરક્યુરીનું સ્થાન ઊંચી કક્ષાનું છે.

☆

## ૯. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં

કેટલાક ચાંદી પૂરવામાં અતિ-ઉત્સાહી ઉસ્તાદો-ડેન્ટીસ્ટો, વિવિધ શંકાસ્પદ બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા હોય અને

એમના મૃત્યુનું અસલી કારણ જાણવા માટે એમના શબોનું – ડેડબોડીઝનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હોય તેવા પોસ્ટમોર્ટમના રિપોર્ટોમાં એવું જાણવા મળ્યું કે :

**મૃત્યુનાં કારણો (Cause of Death) :**

૧. એમના મગજમાં આવેલી પીટ્યુટરી ગ્રંથિમાં પારાનું પ્રમાણ સારા પ્રમાણમાં જમા થયું હતું.

૨. સામાન્ય માનવીઓની સરખામણીમાં આ ડેન્ટીસ્ટોના મગજમાં બ્રેઈન ટ્યુમરની ગાંઠો બમણા પ્રમાણમાં હતી.

**Ref. No. 8 : M. Nylander Correspondence.**
**The Lancet 1986; I; 442.**

**Also British Journal of Industrial Medicine**
**1991 : 48; 729-34.**

૩. મહિલા ડેન્ટીસ્ટોમાં અને ડેન્ટીસ્ટોના દવાખાનામાં કામ કરતી મહિલાઓમાં વાંઝિયાપણું (Sterility) મૃત બાળકોનો જન્મ (Still Birth) અને ગર્ભપાત(Miscarriage)નું પ્રમાણ વધારે નોંધાયું હતું.

૪. ડેન્ટીસ્ટના દવાખાનામાં કામ કરનારા સ્ટાફમાં પણ સેન્ટ્રલ નર્વસ સીસ્ટમ – મગજને લગતી બીમારીઓ, કીડનીની તકલીફો અને અન્ય આંતરસ્રાવ કરતી ગ્રંથિઓ(endocrine glands)ની વિવિધ બીમારીઓ હોવાનું જણાયું હતું.



**Ref. No. 9 : Polsli Tygodnic Lekarski 1987 : 42 (37) 1159-62.**

International Archieves of Occupational Environment Health 1987 : 59 : 551-5.

***સતત પારાના સંપર્કમાં રહેનારા ડેન્ટીસ્ટોનાં મગજનું સમતુલન ખોરવાઈ જાય છે, યાદશક્તિ કમજોર થાય છે, કાર્યક્ષમતા ઘટી જાય છે, જ્ઞાનતંતુઓનું આખું નેટવર્ક ખોરવાઈ જાય છે અને અન્ય અનેક ગંભીર પ્રકારની બીમારીઓ થાય છે.***

**Ref. No. 10 : Swedish Dental Journal**
**1989 : 13 : 235-43**
**Adv. Dent : Res. 1992 : 6 : 110-13**

**Ref. No. 11 : British Journal of Industrial Medicine 1992 : 49 : 782.**

☆

## ૧૦. ચળકતી ચાંદીનાં કાળાં કુકર્મો

***વિવિધ પ્રકારની બીમારીઓ, જે દાંતમાં ચાંદી પુરાવ્યાને કારણે થતી હોવાનું પુરવાર થયું છે.***

૧. મોઢામાં ચાંદાં પડવાં – તાળવું, પેઢાં, જીભ, હોઠ, ગળું ગદગદી જવું – છાલા પડવા. (પછી આ બધું કેન્સરને કારણે થયું છે, એમ ઠસાવી એના પિશાચી ઈલાજો કરવા) એમ જાણવા મળ્યું છે કે ગરમ ખોરાક ચાવવાથી, ચા-કોફી કે દારૂ જેવી ગરમ ચીજો પીવાથી કે ગોળીઓ કે પીપરમિંટ જેવી ચીજો ચૂસવાથી આ પ્રકારની બીમારીઓ વધારે પ્રમાણમાં થાય છે.

૨. શ્વાસનળી અને ફેફસાંની બીમારીઓ.

૩. જઠર, આંતરડાં અને લીવરની બીમારીઓ.

૪. જ્ઞાનતંતુ અને મગજની બીમારીઓ.

૫. સ્નાયુઓ અને સાંધાની બીમારીઓ.

૬. ચામડી અને વાળની બીમારીઓ.

૭. કીડની અને પેસાબની બીમારીઓ.

૮. ગર્ભાશય અને ગર્ભાવસ્થાની બીમારીઓ.

૯. ગર્ભમાં ઊછરતા અને માનું ધાવણ ધાવતા બાળક પર પડતી ભયાનક અસરો, જેને કારણે જન્મજાત ખોડખાંપણો કે બાળરોગોની વિકૃતિઓ આવે છે.

૧૦. શરીરની વિવિધ આંતરસ્રાવ કરતી ગ્રંથિઓની બીમારીઓ જેને કારણે થાયરોઈડ કે ડાયાબીટીસ જેવી બીમારીઓ થાય છે.



૧૧. સમગ્ર પ્રતિકારશક્તિ – ઈમ્યુનિટીનું તંત્ર ખોરવી નાંખવું જેને કારણે એઈડ્ઝ જેવી બીમારીઓ થઈ શકે.

૧૨. હાડકાના ગર્ભ-બોન-મેરોને નુકસાન થવાને લીધે હાડકાં કમજોર પડવાં, શરીરના કોષોનો નાશ થવો.

૧૩. લ્યુકેમિયા કે કેન્સર જેવા રોગો થાય.

૧૪. મગજ અને કરોડરજ્જુના મણકાની બીમારીઓ (Ence-phalomyelitis).

૧૫. Multiple Sclerosis – શરીરની શિરા-ધમનીઓ, સ્નાયુઓ, અવયવો ઈત્યાદિનું સુકાઈ જવું, ગંઠાઈ જવું, કડક થઈ જવું.

૧૬. હાથ-પગ જડ થવા, જૂઠા પડી જવા, ધ્રુજારી વછૂટવી, ચહેરાનાં સ્નાયુઓ ખેંચાઈને વાંકાંચૂકાં થઈ જવાં.

૧૭. લોહીના લાલ રક્તકણોનો નાશ થવો.

૧૮. વાંઝિયાપણું આવવું, માસિકધર્મ ખોરવાઈ જવો.

૧૯. વાળ ખરી પડવા, માથામાં ખોડો થવો.

૨૦. વિવિધ પ્રકારની એલર્જી થવી.

૨૧. Alzheimer's Disease : ગાંડપણનો એક બેડોળ-વિકૃત દયાજનક પ્રકાર.

* * *

ખૂબ ઊહાપોહ અને નુકસાનીના દાવાઓને ધ્યાનમાં લઈ અમેરિકાના ધી એનવાયરોનમેન્ટલ લૉ ફાઉન્ડેશને ડેન્ટલ એમાલ્ગમ બનાવતી એક Jeneric 'જેનેરિક' નામની મહાકાય કંપનીને કોરટમાં ઘસડી. આ મુકદ્દમામાં નામદાર કોર્ટે આ કંપનીને કસૂરવાર ઠરાવી. પરંતુ લોકોની બરબાદીમાંથી આબાદી કરતી આવી મહાકાય સંસ્થાઓ કદી સુધરતી નથી. એમણે એમના ઝેરી માલ વેચવાના ચાલુ જ રાખ્યા અને એ ઝેરના પોટલા ઉપર ચેતવણીના સ્વરૂપે – કાયદાની પકડમાંથી છૂટી જવા માટે અને આવા વાહિયાત કાયદાઓની ઠેકડી ઉડાડતા હોય તેમ શાણી સલાહો આપી. **આ હળાહળ ઝેર વાપરનારા એ કંપનીના આડતિયાઓએ આ ચેતવણીને એમનાં ફાઈવસ્ટાર દવાખાનાંઓની ભીંતો પર કેલેન્ડરની માફક ટાંગી. આવો એ શાણી સલાહને પણ વાંચી જ લઈએ :**

***QUOTE :***

***"This office (એટલે કે દાંતનું દવાખાનું) Uses Amalgam Filling Materials which contain and expose you to Mercury - a chemical known to the state of California to cause Birth Deffects and Other Reproductive Harm. Please consult your dentist for more informations."***

આ લખાણનું ગુજરાતી કોઈ પાસે કરાવી લેજો. મેં હજુ સુધી આવી ચેતવણી કોઈ ડેન્ટીસ્ટના દવાખાનામાં હિન્દુસ્તાનમાં



જોઈ નથી, પરંતુ જ્યાં આવી ચેતવણીઓ દીવાલ પર ટીંગાડી છે ત્યાં પણ લાખો-કરોડો, અબજો બેખબર, બેસહારા માનવીઓના દાંતોમાં પારાનું ઝેર ઠાંસી ઠાંસીને ભરાય જ છે. એ પુરાવનારાઓ અનેક બીમારીઓના ભોગ બન્યા જ કરે છે. શારીરિક અને માનસિક ખોડખાંપણોવાળાં અસંખ્ય બાળકો આ દુનિયા પર પેદા થયાં જ કરે છે.

બધું જ રાબેતા મુજબ, સુવ્યવસ્થિત, સુસંચાલિત રીતે ચાલ્યા જ કરે છે, ચાલ્યા જ કરશે.

★

## ૧૧. જરા થોભો !

"દાંતમાં ચાંદી"નાં પરાક્રમો વાંચ્યા પછી "ન કરે નારાયણ ને" તમારામાંના જ કોઈએ ચાંદી પુરાવી હોય અને એનાં પરાક્રમોના ભોગ બન્યા હો અને ઉતાવળે ઉતાવળે "આ ઝેરને હમણાં ને હમણાં કાઢી નાખું" એમ કહી ડેન્ટીસ્ટ પાસે જવા ઉતાવળા થયા હો, તો કૃપયા આ બે-ચાર લીટી પણ વાંચી જ લ્યો.

એવું જાણવા મળ્યું છે કે દાંતમાં ઠાંસી ઠાંસીને દબાવીને પુરાવેલી ચાંદી કાઢતી વખતે એને ખોતરવી પડે છે અને એ ક્રિયા કરતાં પારાના બારીક રજકણો શ્વાસમાં ભળીને સીધાં ફેફસાંમાં જાય છે, જેથી ખૂબ ભયાનક પરિણામો પણ આવવાનાં

સંભવ છે અને એક વાર પુરાવેલી ચાંદી હળવે રહીને નુકસાન કર્યા વિના સલામતીપૂર્વક કેવી રીતે કાઢી શકાય ? એ વિષેનાં કોઈ નિશ્ચિત ધારાધોરણોનું અસ્તિત્વ હોવાનું જાણમાં નથી.

☆

## 12. References with Reverence

પુસ્તિકામાં આપેલા અગિયાર ઉપરાંતના રેફરન્સીસ જેના આધારે પુસ્તકનું લખાણ લખવાનું સરળ બન્યું છે.


1. Dr. Diana Echeverria, as interviewed on Panorama's Poison in the Mouth. Op cit.
2. British Medical Journal 1991 : 302, 488 and B.M.J. 1994 : 309 : 621-2.
3. Journal of Dental Research 1985 : 64 (8) 1072-75.
4. Mercury Release in Dentistry-I Paper delivered July 15-16, 1895.
5. Hazards in Dentistry : The Mercury Debate Kings College Cambridge.
6. Prof. : J. V. Masi Ph.D. Corrossion of Restorative Materials.





7. Faseb Journal 1989; 3; 2641-46 & 1992 : 6 : 2472-76.
8. American Journal of Physiology : 1990; 258. & 938-45.
9. Journal of Prosthetic Dentistry 1984; 51; 617-23.
10. The Journal of Epidemiology and Community Health 1978 : 32 : 155.
11. Swedish Journal of Biological Medicine Jan. 1989; 6-7.
12. International Journal of Risk and Safety Medicine 1994 : 4, 229-36.
13. American Journal of Physiology : 1990 : 258.
14. European Journal of Paediatrics 1994 : 153 : 607-10.
15. Zentralbatt fur Gynakologie : 1992 : 14-593-602.
16. Bio Probe March 1993.
17. The Lancet 1989 : I. 1207.

18. Brain Research 1990 : 553; 125-31.

19. Journal of Neurochemistry 1994; 62; 2049-52.

20. Courtesy : What Doctors Don't Tell You by Lynne Mc Taggart.

●●